# સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર-૧૫,
# ગાંધીનગર

## <u>સેતુ (SETU) કાર્યક્રમોનો અહેવાલ</u>

મહિલા અને બાળવિકાસ વિભાગની વડી કચેરી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા નિયામક , ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી નાં સંકલનમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ નાં મુદ્દાઓને ધ્યાનમાં રાખી "સેતુ (SETU)" Sustaining Equality Through Universities/College દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ

જે અન્વયે સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ જેનો વિસ્તૃત અહેવાલ આ સાથે સામેલ છે.

- **<u>કાર્યક્રમ:1 : થેલેસેમિયા અવેરનેર પ્રોગ્રામ (જાગૃતિ ઝુંબેશ)</u>**

  જાગૃતિ ઝુંબેશ અંતર્ગત અત્રેની કોલેજમાં થેલેસેમિયા અવેરનેશ પ્રોગામનું આયોજન કરવામાં આવેલ જેમાં તા: ૦૭/૦૨/૨૦૨૪ નાં રોજ રેડક્રોસ સોસાયટીનાં સભ્ય શ્રી ઝીલુભા ધાંધલ તેમજ શ્રી સંજયભાઈ રાવલ દ્વારા વિધ્યાર્થીઓને થેલેસેમિયા વિષે માહિતી આપી તેઓને થેલેસેમિયા ટેસ્ટ કરાવવા માટે સમજાવવામાં આવ્યા.







ત્યારબાદ **<u>તા:૧૩/૦૨/૨૦૨૪</u>** ના રોજ કોલેજ ખાતે રેડક્રોસ સોસાયટીનાં સહયોગ થી કુલ ૭૩ વિદ્યાર્થિનીઓ (ગર્લ્સ)નાં થેલેસેમિયા ટેસ્ટ કરાવવામાં આવ્યા. જેમાંથી કુલ ૧૦ વિધ્યાર્થીઓને થેલેસેમિયા માઈનોર રિપોર્ટ આવ્યો હોવાથી તેઓનું કાઉન્સલીગ **<u>તા:૨૧/૦૨/૨૦૨૪</u>** કોલેજ ખાતે રાખવામાં આવ્યું.






➢ **<u>કાર્યક્રમ:02 (૨૦/૦૨/૨૦૨૪)</u>**

અત્રેની કોલેજમાં તા:૨૦/૦૨/૨૦૨૪ નાં રોજ "**Innovation and start up Through women Entrepreneurs**" થીમ અંતર્ગત "**UDAAN**" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં કોલેજની વિધ્યાર્થીનીઓ દ્વારા વિવિધ વાનગીઓ તેમજ ગેમ્સ/ઓર્નામેન્ટ નાં સ્ટોલ કરવામાં આવ્યા હતાં. જેમાં ગાંધીનગર મત વિસ્તારનાં ધારાસભ્ય શ્રી રીટા બેન પટેલ કાર્યક્રમ ના અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓ ને પ્રોસ્તાહિત કર્યા હતા.
















➢ **<u>તાલીમ કાર્યક્રમ: 03 (01/03/2024)</u>**

વિધ્યાર્થીઓને સ્વાસ્થ માટે "પોષણ યુક્ત આહાર" ની સમજ કેળવાય તે ઉદ્દેશ્યથી "**Nutrition and life Style**" વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવેલ જેમાં ગાંધીનગર GMERS મેડિકલ કોલેજ નાં કમ્યુનિટી મેડિસીન વિભાગ નાં એસોસિયેટ પ્રોફેસર ડૉ. નિલેશ ઠાકોર સાહેબ નું વ્યાખ્યાન રાખવામાં આવેલ. જેમાં કોલેજનાં વિધ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમજ પોષણ યુક્ત આહાર વિષે માહિતીમેળવી હતી. ત્યારબાદ વિધ્યાર્થીઓને કોલેજ દ્વારા પોષ્ટીક નાસ્તો કરાવવામાં આવ્યો હતો.







➢ **<u>/કાર્યક્રમ: 04 (તા: 07/03/2024)</u>**

તા:07/03/2024 નાં રોજ અત્રેની કોલેજ દ્વારા આદરજ મોટી ગામ , તા; જી-ગાંધીનગર ખાતે "ગ્રામીણ મહિલાઓમાં પ્રાથમિક સારવાર સ્વાસ્થ્ય તેમજ કાનુની સજાગતા " વિષય ઉપર એક દિવસીય વ્યાખ્યાન શિબિર નું આયોજન કરવામાં આવેલ . જેમાં જેન્ડરરિસોર્સ સેન્ટર નાં રિસોર્સ ઓફિસર શ્રી મહેન્દ્ર મકવાણા સાહેબે સરકાર દ્વારા મહિલાઓ ને મળતી વિવિધ સહાય વિષે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ આદરજ મોટી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાં મેડીકલ ઓફિસર શ્રી ડૉ, લતાબેન મેવાડાએ CPR ની તાલીમ આપી તેમજ ઈમરજન્સીમાં કેવીરીતે પ્રાથમિક સારવાર આપી શકાય તે વિષે વિષે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ આદરજ મોટી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાં આયુષ મેડીકલ ઓફિસર શ્રી ડૉ, નેહલ ગજેરા તેમજ પ્રતિભા એકેડમી, જલારામ મહિલા મંડલ ગાંધીનગર ના પ્રમુખ ,પાસ્ટ પ્રેસિડેન્ટ લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર તથા ગાંધીનગર ની જુદી જુદી સેવાકીય સંસ્થા ના કારોબારી સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે એવા શ્રી મિત્તલબેન રાણાએ મહિલાઓ ને મળતી વિવિધ કાનૂની સહાય વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

આદરજ મોટી ગામ ખાતે સેનેટરીનેપકીન નું વિતરણ કરવામાં આવેલ.તથા કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગ્રામીણ મહિલાઓ તેમજ વિધ્યાર્થીઓને કોલેજ દ્વારા ભોજન કરાવેલ.





















તમામ  કાર્યક્રમોનું સુચારુ સંચાલન કોલેજના આચાર્યશ્રી ડૉ   . અમિત સુતરીયાના માર્ગદર્શન હેઠળ સેતુના નોડલ ઓફીસર પ્રા. ફાલ્ગુની મેસરવાલા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.